ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૯/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

**અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં પ્રકાશિત કરવા વિનંતી.**

Date : 10th September, 2019

પ્રતિ,
તંત્રી શ્રી,
......................................................................., ભાવનગર.

## રૂરલ આઈ.ટી. ક્વીઝમાં ગ્રામ્ય વિસ્તારની વિવિધ ૧૦ ટીમો રાજ્ય કક્ષાએ આગામી ૧૭ સપ્ટેમ્બર,૨૦૧૯ના રોજ ગાંધીનગર ખાતે ભાવનગર શહેરનું પ્રતિનિધિત્વ કરશે.

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર(GUJCOST) દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતું કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

ભારત દેશના ગ્રામ્ય વિસ્તારના બાળકોમાં રહેલ ઇન્ફોર્મેશન અને ટેક્નોલોજી વિષયના જ્ઞાનને બહાર લાવવાના હેતુથી ટાટા કન્સલ્ટન્સી સર્વિસ અને વિજ્ઞાન વિભાગ કર્નાટકા સરકારના સંયુક્ત ઉપક્રમે વિવિધ સ્તરોએ આઈ.ટી. ક્વીઝનું આયોજન દેશ ભરમાં કરવામાં આવે છે. ગુજરાતમાં રાજ્ય કક્ષાનું સંકલન ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST) દ્વારા કરવામાં આવનાર છે, જ્યારે ભાવનગર જીલ્લા કક્ષાની આઇ.ટી. ક્વીઝનું આયોજન GUJCOST પ્રેરિત લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કરવામાં આવે છે. જે અંતર્ગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જીલ્લા કક્ષાની રૂરલ આઈ.ટી ક્વીઝ-૨૦૧૯નું આયોજન ૪ સપ્ટેમ્બર,૨૦૧૯ને બુધવારના રોજ સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના ઉદ્દઘાટન સમારોહમાં શ્રી નીલેશભાઈ રાવલ (ચેરમેન, મ્યુનીસીપલ શાળા બોર્ડ, ભાવનગર), ડૉ. એચ.બી. મહેતા (ડીન, સરકારી મેડીકલ કોલેજ), ડૉ. હિતેશ શાહ (એસોસિએટ પ્રોફેસર, સર પી.પી. સાયન્સ કોલેજ ભાવ.), ડૉ. ભાર્ગવ પુરોહિત (વિભાગીય વડા, ફાર્મોકોલોજીસ્ટ વિભાગ., સરકારી તબિબી મહાવિદ્યાલય ભાવનગર) તથા શ્રી પરેશભાઈ ત્રિવેદી (પ્રમુખ, કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર) ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનશ્રીઓએ પોતાના વ્યકતમાં રોજબરોજના જીવનમાં ઉપયોગી ઇન્ફોર્મેશન અને ટેક્નોલોજી વિશે માહિતી આપી વિધાર્થીઓને શુભેછા પાઠવી હતી.

જીલ્લા કક્ષાની રૂરલ આઈ.ટી ક્વીઝમાં શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ,-મહુવા, કે.કે.જે.પી. હાઈસ્કૂલ, એમ.વી.ડી.પી. ઇંગ્લીશ સ્કૂલ, સોનગઢ, ઓમકાર ઇંગ્લીશ સ્કૂલ-રંઘોળા, એમ.યુ.એલ.એ. વિદ્યામંદિર- સોનગઢ, એમ.જે.સી.કે.આર. ઇંગ્લીશ સ્કૂલ-સોનગઢ, શ્રી ગંભીરસિહજી હાઈસ્કૂલ- વલ્લભીપુર, મોડેલ સ્કુલ-માનવડ, આર.યુ આર. ઈંગ્લીશ સ્કૂલ-સોનગઢ, શ્રી આદ્પુર પ્રાથમિક શાળા, પાલીતાણા. પ્રથમ દસ ટીમો તરીકે સ્થાન પામેલ.

ઉપરોક્ત વિજેતા થયેલ દસ ટીમો આગામી તા.૧૭-૦૯-૨૦૧૯ના રોજ ટાઉન હોલ ગાંધીનગર, સેક્ટર-૧૧ ખાતે યોજાનાર રાજ્ય કક્ષાની રૂરલ આઈ.ટી ક્વીઝમાં ભાવનગર જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. ઉપરોક્ત ટીમોને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન શ્રી અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગરના પ્રમુખ શ્રી દ્વારા શુભેચ્છાઓ પાઠવામાં આવેલ.

10-9-19
5:40 pm
(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.



follow us on KRCSCBhavnagar
Also like our facebook Pages : krcscbhavnagarpage | EBCBhavnagar | CreativeCHEMISTRYClub | BACBhavnagar | bapukhagolmelaBhavnagar | VIPNETClubBhavnagarGJ0013 | BURDBhavnagar